સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ, ગુજરાત ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

**(જાહેરાત ક્રમાંક: SPIPA/202122/1)**

**યુ.પી.એસ.સી સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૨ (IAS, IPS, IFS etc.)ના પ્રશિક્ષણવર્ગ ૨૦૨૧-૨૨**

**Center wise Selection List of Entrance Exam 2021**

૧. સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) દ્વારા યુપીએસસી સીવીલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૨ માટેના તાલીમ કાર્યક્રમ ૨૦૨૧-૨૨ માટે પ્રવેશ પરીક્ષા ૨૦૨૧નું આયોજન કરવામાં આવેલ.

૨. તા.૧૩-૧૦-૨૦૨૧ ના રોજ સંસ્થાની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ મેરિટયાદીના ક્રમાનુસાર, તથા તા. ૨૦/૧૦/૨૦૨૧ના રોજ સંસ્થાની વેબસાઈટ પર મૂકવામાં આવેલ સૂચનાનુસાર, **તા.૨૫-૧૦-૨૦૨૧ થી તા.૨૮-૧૦-૨૦૨૧ (ચાર દિવસ) સુધી** મેરીટ નંબર ૧ થી ૮૦૦ સુધીના ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફીકેશન, સેન્ટર એલોકેશન અને ડીપોઝીટ ભરવા અંગેનો રજીસ્ટ્રેશન કેમ્પ રાખવામાં આવેલ.

**ઉક્ત રજીસ્ટ્રેશન કેમ્પ બાદ સ્પીપા તથા તેના તાલીમકેન્દ્રો ખાતે ખાલી રહેલ સીટોની વિગત નીચે મુજબ છે.**

| તાલીમ કેન્દ્ર | બિન અનામત | | અનુસૂચિત જાતી | | અનુસૂચિત જનજાતી | | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | આર્થિક રીતે નબળા વર્ગ | | ખાલી જગ્યા VACANT SEATS |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | UR (M) | UR (F) | SC (M) | SC (F) | ST (M) | ST (F) | SEBC (M) | SEBC (F) | EWS (M) | EWS (F) | |
| સ્પીપા, અમદાવાદ | 0 | 0 | 0 | 0 | 0 | 5 | 0 | 0 | 0 | 0 | **5** |
| ગુ.કો.કો, અમદાવાદ | 0 | 0 | 0 | 2 | 16 | 8 | 0 | 3 | 0 | 2 | **31** |
| પ્રા.તા.કે, અમદાવાદ | 0 | 0 | 0 | 1 | 6 | 3 | 0 | 4 | 0 | 1 | **15** |
| પ્રા.તા.કે, વડોદરા | 0 | 5 | 0 | 1 | 6 | 3 | 0 | 5 | 3 | 2 | **25** |
| પ્રા.તા.કે, રાજકોટ | 0 | 3 | 2 | 1 | 6 | 3 | 6 | 5 | 4 | 2 | **32** |
| પ્રા.તા.કે, સુરત | 0 | 1 | 3 | 1 | 6 | 3 | 12 | 5 | 4 | 2 | **37** |
| | **0** | **9** | **5** | **6** | **40** | **25** | **18** | **22** | **11** | **9** | **145** |

૩. ઉક્ત પત્રકમાં દર્શાવેલ ખાલી સીટો માટે પ્રથમ તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પમાં બોલાવેલ **મેરીટ નં. ૧ થી ૮૦૦ સુધીમાં જે ઉમેદવાર ગેરહાજર હોય પરંતુ હવે ઉક્ત ખાલી જગ્યાઓ પર પ્રવેશ મેળવવા ઈચ્છુક હોય તો તેવા ઉમેદવારોને તથા મેરીટ નંબર ૮૦૧ થી ૧૩૨૨ સુધીના ઉમેદવારોને ઉક્ત ખાલી જગ્યા પર પ્રવેશ મેળવવા સારું બીજા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પમાં નીચે મુજબ હાજર રહેવા જણાવવામાં આવે છે.**

| તારીખ | સમય | મેરીટ ક્રમાંક |
|---|---|---|
| ૦૧/૧૧/૨૦૨૧, સોમવાર | સવારે ૦૯.૩૦ કલાકે | -મેરીટ નં. ૧ થી ૮૦૦ સુધીના ગેરહાજર તથા ઉક્ત ખાલી જગ્યા પર પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારો, તથા<br>-મેરીટ નં. ૮૦૧ થી ૧૧૦૦ સુધીના તમામ ઉમેદવારો |
| | બપોરે ૧૨.૦૦ કલાકે | -મેરીટ નં. ૧૧૦૧ થી ૧૩૨૨ સુધીના તમામ ઉમેદવારો |
| નોંધ: (૧) જે તે તાલીમકેન્દ્ર ખાતે ખાલી રહેતી જગ્યાઓ પર રાજ્ય સરકારશ્રીની પ્રવર્તમાન અનામત નીતિ મુજબ મેરીટ વાઈઝ અને કેટેગરીવાઈઝ જગ્યા ભરવામાં આવશે. | | |

ઉપરોક્ત ટેબલમાં દર્શાવેલ ખાલી રહેલ સીટ માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોને ડોક્યુમેન્ટ વેરીફીકેશન, સેન્ટર એલોકેશન અને ડીપોઝીટ ભરવા અંગેના રજીસ્ટ્રેશન કેમ્પમાં બોલાવવા માત્રથી તેમનો પ્રવેશ માટેનો હક્ક પ્રસ્થાપિત થતો નથી, સંબંધીત દિવસે અને સમયે ઉમેદવારોને તેમના સેન્ટર પ્રેફરન્સ, મેરીટ નંબર, કેટેગરી અને જે તે સંબંધિત સેન્ટર પર જગ્યાની ઉપલબ્ધતાને ધ્યાને લઇ, રાજ્ય સરકારની પ્રવર્તમાન અનામતનીતિ મુજબ પ્રવેશ આપવામાં આવશે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

૪. સ્પીપાની વેબસાઇટ પર તાલીમવર્ગ ૨૦૨૧-૨૨ માં બાયોડેટા ફોર્મ, બોન્ડ, બાંહેધરી પત્ર અને "અગાઉના વર્ષોમાં પ્રવેશ ન મેળવ્યા બાબતનું બાંહેધરી પત્ર" માટેની એક અલગ લિંક મૂકવામાં આવેલ છે.જેને ડાઉનલોડ કરી જરૂરી વિગતો ભરીને/ દર્શાવેલ કાર્યવાહી કરીને ઉમેદવારે રજીસ્ટ્રેશન કેમ્પ વખતે સાથે લાવવાની રહેશે તેમજ ઉક્ત ફકરા-૩ માં જણાવ્યા મુજબ તારીખ અને સમયે અસલ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત/સ્વયંપ્રમાણિત નકલો સહિત હાજર થવાનું રહેશે.

1. તમામ પસંદગી પામેલ ઉમેદવારોએ ડિપોઝીટ માત્ર Debit/Credit કાર્ડ અથવા UPI થી જમા કરાવવાની રહેશે.

| તાલીમકેન્દ્રનું નામ | તાલીમ ડિપોઝીટ | લાયબ્રેરી ડિપોઝીટ | રીડીંગરૂમ ડીપોઝીટ | કુલ રકમ (રૂ!.) |
|---|---|---|---|---|
| સ્પીપા, અમદાવાદ | ૧,૦૦૦/- | ૨,૨૦૦/- | ૩,૦૦૦/- | ૬,૨૦૦/- |
| ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ | | | | |
| પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, અમદાવાદ | | | | |
| પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, વડોદરા | ૧,૦૦૦/- | ૨,૨૦૦/- | - | ૩,૨૦૦/- |
| પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરત | | | | |
| પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, રાજકોટ | | | | |

2. સ્પીપા અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના તાલીમકેન્દ્ર ખાતે પ્રવેશ સમયે નીચે જણાવ્યા મુજબની <u>ડિપોઝીટ ફરજિયાત જમા કરાવવાની રહેશે</u>. ડીપોઝીટ ભરનાર ઉમેદવારનો જ તાલીમવર્ગમાં પ્રવેશ માન્ય ગણાશે.
3. બોન્ડ નોટરાઈઝ કરાવીને દિન-૧૦ માં સંબંધિત તાલીમકેંદ્ર ખાતે જમા કરાવવાના રહેશે.
4. ડોક્યુમેન્ટ વેરીફિકેશન વખતે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ /ડિપ્લોમાંની માર્કશીટ, ડિગ્રી સર્ટીફિકેટ, જાતિ પ્રમાણપત્ર, આર્થિક રીતે નબળાંવર્ગનું પ્રમાણપત્ર, નોન-ક્રિમિલેયર સર્ટીફિકેટ (એસ.ઇ.બી.સી. ઉમેદવારો માટે જ), આધાર કાર્ડ અસલ અને નકલ રજૂ કરવાના રહેશે. (નકલ બાયોડેટા ફોર્મની સાથે બિડાણ કરવી.)
5. ગત વર્ષે કે અગાઉના વર્ષોમાં જો કોઈ ઉમેદવાર સંસ્થા કે તેના તાબા હેઠળના કોઈપણ તાલીમકેન્દ્ર ખાતે પ્રવેશ મેળવ્યો હોય તો તેઓએ ફરજિયાતપણે,"અગાઉના વર્ષોમાં પ્રવેશ ન મેળવ્યા બાબતનું બાંહેધરી પત્ર"માં આ અંગેનો ઉલ્લેખ કરવાનો રહેશે. તેમ છતાં પણ જો કોઈ ઉમેદવારે સંસ્થા ખાતે તાલીમ માટે બીજીવાર પ્રવેશ મેળવેલ છે,તેવું ધ્યાને આવશે તો તે ઉમેદવારનો પ્રવેશ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવશે અને તેઓની ડીપોઝીટ કોઈપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહિ.

**<u>૫. જે ઉમેદવાર ઉક્ત જણાવેલ તારીખ અને સમયના રોજ ડોક્યુમેન્ટ વેરીફિકેશન, સીટ એલોટમેન્ટ ન કરાવે અને ડિપોઝીટ ના ભરે તો તે ઉમેદવાર પ્રવેશ લેવા ઈચ્છુક નથી તેમ માની તેમના પછી મેરીટમાં આવતા ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે.</u>**

૯.	કોવિડ-૧૯ ની મહામારી ધ્યાને રાખીને, સરકારશ્રી ધ્વારા આપવામાં આવેલ વખતોવખતની સૂચનાઓનો અચૂકપણે અમલ કરવાનો રહેશે. તમામ ઉમેદવારોએ માસ્ક પહેરવાનું રહેશે. સંસ્થાના મેઈન ગેઈટ પર હાજર કર્મચારી ધ્વારા થર્મલ સ્ક્રીનીંગ કર્યા બાદ ઉમેદવારોને ઉપર ટેબલમાં દર્શાવ્યા મુજબના સ્લોટવાઇઝ મેરીટ નંબર અનુસાર જ પ્રવેશ આપવામાં આવશે. રજીસ્ટ્રેશન કેમ્પની સમગ્ર પ્રક્રિયામાં માત્ર સંબંધિત ઉમેદવાર અથવા તો તેના વાલી/પ્રતિનિધિએ જ આવવાનું રહેશે. તેમની સાથે આવેલ વાલીને અંદર કેમ્પમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. સદર સમગ્ર પ્રક્રિયામાં તમામ ઉમેદવારોએ પૂરતો સહયોગ આપવાનો રહેશે અને સંસ્થાના અધિકારીશ્રી/કર્મચારીશ્રી ધ્વારા જે સૂચનાઓ આપવામાં આવે તેનું અચૂકપણે પાલન કરવાનું રહેશે.

ઉપરોક્ત તમામ બાબતોની સર્વે સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવાની રહે.

<u>સીટ એલોકેશન, ડોક્યુમેન્ટ વેરીફિકેશન અને ડિપોઝીટ ભરવા માટે રાખેલ રજીસ્ટ્રેશન કેમ્પનું સરનામું:-</u>

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા),
ઓડિટોરીયમ હોલ- ગ્રાઉન્ડ ફ્લોર
ઈસરો અને સુંદરવનની સામે, સેટેલાઈટ રોડ,
અમદાવાદ – ૩૮૦૦૧૫

Sd/-
સંયુક્ત નિયામક, (સ્ટડી)
સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,
અમદાવાદ

તારીખ: ૨૯/૧૦/૨૦૨૧
સ્થળ: અમદાવાદ